જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 488, 05th August - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦

## ભાજપની નિષ્ફળતા દેશને ડૂબાડશે?



**“હમ અદાની કે હૈં કૌન ?”**

---

**કટોકટીની એ નિર્ણાયક પળ...**

---

**રાફેલ કૌભાંડની તપાસમાં ફ્રાંસના મેજિસ્ટ્રેટે ભારતની મદદ માગી**


શહીદ જવાનોને ક્રાંતિદિવસે
શત્ શત્ નમન
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**સંપાદક અને પ્રકાશક**
વિજય દવે

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૮૮**
**5, August - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**તાજેતરમાં** જૂનાગઢથી લઈને નવસારી સુધી અને કચ્છથી લઈને કોડિનાર સુધી આભ ફાટવાની ઘટનાઓ સાથે જળપ્રલયમાં ગુજરાતની ભાજપ સરકારનું વહીવટી તંત્ર કેટલું ખોખલું, બોદું અને નિષ્ક્રિય તે ઉઘાડુંપડી ગયું. જ્યારે જ્યારે રાજ્યમાં ડિઝાસ્ટર આવે છે ત્યારે સરકારનું કોઈ મેનેજમેન્ટ હોતું જ નથી એ પુરવાર થઈ ગયું. જળપ્રલયની આગોતરી આગાહીઓ અને ચેતવણી આપવામાં આવી હોવા છતાં

ગુજરાત સરકાર કોઈ વિશેષ આગોતરુ આયોજન કરવામાં નિષ્ફળ રહી. નિષ્ફળ વહીવટી તંત્રને કારણે જળતાંડવમાં અનેક ગામો-શહેરો બરબાદ થઈ ગયા અને સામાન્ય માણસની ઘરવખરીથી લઈને વાહનો સુધી બધું પ્રચંડ પૂરના પાણીમાં તણાઈ ગયું. સરકાર હજું પણ અતિવૃષ્ટિ માટે કોઈ નક્કર સહાય જાહેર કરવામાં નિષ્ફળ રહી છે.

બીજી બાજુ છેલ્લા ત્રણ મહિનાથી મણિપુર હિંસાની આગમાં ભડકે બળી રહ્યું છે એમાંય મહિલાઓની નગ્ન પરેડ અને અત્યાચારોની ઘટનાએ સમ્રગ દેશને હચમચાવી દીધો છે. શેરીથી લઈને સંસદ સુધી, પક્ષથી લઈને વિપક્ષ સુધી, સરકારથી લઈને કોર્ટ સુધી બધા ભારે રોષે ભરાયા છે, છતાં કેન્દ્રની ભાજપ સરકારના પેટનું પાણી હલતું નથી મણીપુરમાં સેંકડો લોકોએ જીવ ગૂમાવ્યાં છે ત્યારે કેન્દ્ર સરકાર રાજકારણ ખેલી રહી છે. એમાંય વડા પ્રધાને પહાડી મણિપુરી મૌન ધારણ કરીને મણિપુરના જંગલ રાજ પર સંસદમાં નિવેદન નહીં કરવાની જીદ પકડીને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો છે, તે નિંદનીય છે. વાસ્તવમાં વડા પ્રધાન અને તેમની સરકારે રાજકારણ બાજુએ રાખીને મણિપુરમાં નક્કર પગલાં યુધ્ધના ધોરણે લેવા જોઈએ. વડા પ્રધાનનું મૌન એ એક નૈતિક અપરાધ છે.

૧૫ ઓગસ્ટે દેશના સ્વાતંત્ર્ય દિનના શુભ અવસર પર દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ. આ ઉપરાંત ૧૫ ઓગસ્ટે કોંગ્રેસના ટોચના નેતા શ્રી પરેશભાઈ ધાનાણીનો જન્મ દિવસ છે. તેમને જન્મ દિવસની શુભકામનાઓ. ૧૬ ઓગસ્ટે પારસી સમુદાયના નવા વર્ષ પતેતી નિમિત્તે પારસી બંધુઓને શુભકામનાઓ. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિકારી સેનાની અને આઝાદ હિંદ ફોજના સંસ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૮ ઓગસ્ટે પુણ્યતિથિ નિમિત્તે તેમને કોટી કોટી વંદન સાથે જય હિંદ. આધુનિક ભારતના શિલ્પી અને સ્વપ્નદૃષ્ટા એવા દેશના લોકલાડિલા પૂર્વ વડા પ્રધાન દિવંગત શ્રી રાજીવ ગાંધીને ૨૦ ઓગસ્ટે તેમની જન્મ જયંતિ પર શત્ શત્ વંદન સાથે શ્રધ્ધાસુમન.

જય જય ગરવી ગુજરાત.




**શક્તિસિંહ ગોહીલ**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. **- નવલકથાકાર જોનગ્રિશમ**

कार्टूनिस्ट अपने अंदाज में देश को संदेश देना चाहता है । और मजाक भी कर लेता हैं। यथार्थ दर्शन ...?












- મહેન્દ્ર પટેલ

# ભાજપની નિષ્ફળતા દેશને ડૂબાડશે?

**સામાન્ય માણસની તો હવે એ શક્તિ જ રહી નથી તે પોતાનો નાણાકીય રોડમેપ બનાવી શકે. છેલ્લાં બે ત્રણ વર્ષમાં ઉચ્ચ-મધ્યમ વર્ગના લાખો લોકો હવે મિડલ ક્લાસમાં સમાવેશ પામી ગયા છે. એક બાજુ ભારત સરકાર બીજા દેશોના ઉદ્યોગપતિઓને આમંત્રણ આપતી હોય ત્યારે ખુદ ભારતીય ઉદ્યોગપતિઓ બીજા દેશમાં રોકાણ કરવાના દેશાંતર રોકાણથી મુક્ત નથી. સરકાર ડોલર સામે રૂપિયો ટકાવી શકતી નથી.**

૨૦૦૪થી ૨૦૦૯ના પાંચ વર્ષના ગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર વાર્ષિક સરેરાશ ૮.૫૦ ટકા રહ્યો હતો. પરંતુ ૨૦૦૪થી ૨૦૧૪ના દસ વર્ષના ગાળામાં આ દર ૭.૫૦ ટકા રહ્યો હતો. આનાથી વિપરીત ૨૦૧૪થી ૨૦૨૩ના નવા વર્ષના ગાળામાં વાર્ષિક સરેરાશ વિકાસ દર ૫.૭૦ ટકા રહ્યો હતો. સરેરાશ વિકાસદરમાં ઘટાડો કેમ થયો? આપણે ભારતને ૭.૫૦ ટકાથી વધુના આર્થિક વિકાસદર સાથેના અર્થતંત્ર તરીકે જોવા માગીએ છીએ કે પછી ૫-૬ ટકાની વચ્ચે જ રહી વિશ્વમાં ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર હોવાના બણગાં ફૂંકવા માંગીએ છીએ.




ફૂગાવો અગાઉની તુલનાએ વધી ગયો હોવાથી વર્તમાન સમયની અગાઉ જેટલી આવક અત્યારે ઓછી ગણાય. ચીજ-વસ્તુઓના જૂના ભાવતાલની સાપેક્ષતામાં ભારતનો મિડલ ક્લાસ બહુ પાછળ રહી ગયો છે. મિડલ ક્લાસ દોડીને દોડીને થાકી ગયો છે. આવક ઓછી થયા વગર આવક ઓછી થવાનો અનુભવ પગારદારો અને નાના વેપારીએ કરે છે. ધારો કે કોવિડ પહેલાં તમારી આવક રૂ. ૨૦,૦૦૦ હતી અને તેની સામે વસ્તુઓ રૂ. ૧૫,૦૦૦માં મળતી હતી તે વસ્તુઓ અત્યારે રૂ. ૨૭,૦૦૦માં મળતી થઈ ગઈ છે. તે રીતે તમારી આવક ઘટી નથી પણ ખરેખર તમારી આવકમાં ઘટાડો થયો છે. વધતા ફુગાવા સાથે મેળ કરવા જેટલો તમારી આવકમાં વધારો થવો જોઈતો હતો. પરંતુ તે થયો નથી. ફુગાવો વધતાં ખરીદીની ક્ષમતા ઘટી ગઈ છે. સામાન્ય માણસની તો હવે એ શક્તિ જ રહી નથી તે પોતાનો નાણાકીય રોડમેપ બનાવી શકે. છેલ્લાં બે ત્રણ વર્ષમાં ઉચ્ચ-મધ્યમ વર્ગના લાખો લોકો હવે મિડલ ક્લાસમાં સમાવેશ પામી ગયા છે. એક બાજુ ભારત સરકાર બીજા દેશોના ઉદ્યોગપતિઓને આમંત્રણ આપની હોય ત્યારે ખુદ ભારતીય ઉદ્યોગપતિઓ બીજા દેશમાં રોકાણ કરવાના દેશાંતર રોકાણથી મુક્ત નથી. સરકાર ડોલર સામે રૂપિયો ટકાવી શકતી નથી.

આઈએમએફના આંકડા અનુસાર ઈ.સ ૨૦૨૩માં જગતની કુલ આવક ૨૦૫ ટ્રિલીયન ડૉલર્સથી કંઈક વધુ છે. જેમાં અમેરિકાની જીડીપી ૨૬.૩ ટ્રિલિયન ડૉલર્સ હતી.

અમેરિકાની વસતી ૩૪ કરોડ છે. તથા અમેરિકાના નાગરિકોની સરાસરી વ્યક્તિ દીઠ આવક ૮૦,૦૦૦ ડૉલર્સની હતી. ચીનની જીડીપી ૧૯.૩૭ ટ્રીલીયન ડૉલર્સ

હતી જે તેની ૧૪૨ કરોડની વસ્તીમાં વહેંચતા ચીનની વ્યક્તિદીઠ સરાસરી આવક ૧૩, ૭૨૦ ડૉલર્સની હતી. જ્યારે ભારતની કુલ જીડીપી ૩.૪૭ ટ્રીલીયન ડૉલર્સ હતી. જે તેની ૧૩૯ કરોડની વસ્તી વચ્ચે વહેંચાઈ જતા ૨૬૬૦ ડૉલર્સ હતી. ક્યાં અમેરિકાની માથાદીઠ ૮૦,૦૦૦ ડૉલર્સની આવક અને ક્યાં ભારતની ૨૬૬૦ ડૉલર્સની માથાદીઠ આવક ભારતથી અમેરિકાને કહી શકાય તેમ નથી કે આર્થિક બાબતોમાં આવ ભાઈ, હરખા, આપણે બે સરખા!

૨૦૨૨-૨૩ના આર્થિક સર્વે પ્રમાણે ભારતમાં ચોખાનું ઉત્પાદન પ્રતિ હેક્ટર ૨૭૧૮થી ૩૫૨૧ કિલો છે, જ્યારે ઘઉંનું ઉત્પાદન પ્રતિ હેક્ટર ૩૫૦૭ કિલો છે. જ્યારે ચીનમાં ૨૦૨૨માં આ આકડા અનુક્રમે ૬૫૦૦ કિલો તથા ૫૮૦૦ કિલો રહ્યા હતા. કૃષિને નફાકારક બનાવવા માટે પ્રતિ હેક્ટર ઉત્પાદકતા વધે તે જરૂરી છે. ક્લાયમેટ ચેઈન્જ, શહેરી વિસ્તારો તરફનું સ્થળાંતર, શહેરીકરણ, પાણીની ઉપલબ્ધતા ઓછી થતી તથા કાચા માલના ખર્ચના વધારાને ધ્યાનમાં રાખી ખેતી પોષાય તેમ રહેશે નહીં. જૂનમાં ભારતની નિકાસ ૨૨ ટકા ઘટીને ૩૨.૯૭ અબજ ડૉલર રહી છે. જે છેલ્લા ત્રણ વર્ષની નીચલી સપાટી છે. વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકા તથા યુરોપ જેવા પશ્ચિમની દેશોમાં માગ ઘરનાં જૂનમાં નિકાસ ૨૨ ટકા ઘટાડો નોંધાયો છે. જૂનમાં આયાત ૧૬.૪૮ ટકા ઘટીને ૫૩.૧૦ અબજ ડૉલર થઈ છે. જૂનમાં રીટેલ ફુગાવો ૪.૮ ટકા નોંધવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (સ્જીસ્ઈ) બંધ થવાની સંખ્યા અગાઉના નાણાકીય વર્ષ કરતાં બમણીથી વધુ થઈ છે. સરકારી ડેટા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩ દરમિયાન ૧૩,૨૯૦ ઉદ્યમ-રર્જીષ્ટર્ડ એમ-એસ-એમ-ઇ બંધ થયા હતા. જે નાણાકીય વર્ષ ૨૦૨૨ દરમિયાન બંધ થયેલા ૬૨૨૨ એમએસએમઇ કરતાં ૧૧૩ ટકા વધારે છે. નાણાકીય વર્ષ દરમિયાન બંધ થયેલા માત્ર ૧૭૫ યુનિટમાંથી કોરોના મહામારી પછી આ સંખ્યામાં વધારો થયો હતો. વર્તમાન નાણાકીય વર્ષમાં જુલાઈ સુધી ૫૧૫૨ એકમો બંધ થયા હતા. જે જુલાઈ ૨૦૨૦થી બંધ એમએસએઈની કુલ સંખ્યા ૨૪૮૩૯ પર લઈ ગયા હતા. જ્યારે ૨૦૨૦થી ૨૦૨૩ સુધી ૧૯૮૩૯ બંધ થયા હતા.

વિશ્વ બજારમાંથી ક્રુડ તેલની નીચાભાવે ખરીદી અને ઘરઆંગણે ઊંચા રિટેલ ભાવને પરિણામે દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ નાણાં વર્ષે વેરા પહેલાં એક લાખ કરોડનો નફો હાંસલ કરશે તેવી ધારણા મૂકવામાં આવી છે. ગયા વર્ષની સરખામણીએ ક્રૂડ તેલના ભાવ ૩૦ ટકા ઘટી ગયા હોવા છતાં તેલ કંપનીઓએ મે ૨૦૨૨ પછી ભાવમાં ઘટાડો કર્યો નથી. બ્રેન્ટ ક્રુડ વર્ષમાં ૧૦૬ ડૉલર પહોંચ્યા બાદ અત્યારે ૮૨ ડૉલર આસપાસ છે. તથા રશિયાથી સસ્તા ક્રુડની આયાતનો લાભ ઑઈલ કંપનીઓએ ત્રણ ગણો મેળવ્યો. આ ઉપરાંત પેટ્રોલમાં ૧૨ ટકા ઈથેનોલ બ્લેન્ડીગ કરવામાં આવે છે. તેનાથી હુંડિયામણનો ફાયદો અલગ સરકારે પેટ્રોલિયમ પેદાશો ઉપર કરવેરામાં કોઈ ફેરફાર કર્યા ન હોવાથી ૨૦૧૪ પહેલાં થતી કરવેરાની આવક અને આજની આવકમાં ઘણું અંતર છે. ઈથેનોલ શેરડી ઉપરાંત અનાજમાંથી બનાવવામાં આવે છે. ખરીફ મોસમમાં ચોખાના ઉત્પાદન પર અસર પડવાની સરકારને ચિંતા છે. આ ઉપરાંત ઉત્પાદનમાં ઘટની સ્થિતિમાં ચોખાના ભાવ વધી જવાની ચિંતા છે. દેશમાં ૧૦૦ જેટલી ડિસ્ટીલરીસ જે ચોખા માટે એફસીઆઈ ઉપર આધાર રાખે છે તેમને ચોખા ૨૦ રૂ. કિલો આપવામાં આવે છે. એફસીઆઈ દ્વારા ૧૫ લાખ ટન ચોખા ઈથેનોલ બનાવવા માટે પૂરા પાડવામાં આવે છે. ડિસ્ટલરીઓને ચોખાનો પુરવઠો તાત્કાલિક અટકાવી દેવા સૂચના આપવામાં આવી છે. બિન બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

લોકો ખાદ્ય ચીજવસ્તુઓની વધતી કિંમતોથી ચિંતિત છે. ત્યારે મુખ્ય સમસ્યા ટામેટાંથી નથી પરંતુ અન્ય વસ્તુઓની પણ છે. ભારતમાં અનાજની અછત છે. જે કિંમતોમાં વધારો કરી શકે છે, દેશમાં મોંઘવારીમાં વધારો કરી શકે છે. ૐજીમ્ઝ્રએ અંદાજ લગાવ્યો છે કે માર્ચ ૨૦૨૪ સુધી ફુગાવો ૫ ટકા રહેશે. જો અનાજના ભાવમાં તીવ્ર વધારો થાય તો ઘઉંના ભાવ વધી શકે છે. જો ચોખાના ઉત્પાદનને અસર થાય તો ઘઉંના ભાવ વધી શકે છે. ખાદ્ય અનાજ આપણા દેશમાં લોકોના જીવનખર્ચને નોંધપાત્ર રીતે નક્કી કરે છે. ઘઉં સહિતની ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં

તાજેતરમાં વધારાના પગલે જૂનમાં છૂટક ફુગાવો ૪.૮૧ ટકાની ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આગાહી છે કે વર્ષના બાકીના સમયગાળા દરમિયાન ભાવમાં વધારો ચાલુ રહેશે. દેશમાં અનાજની અછત નથી છતાંયે લોકો ભૂખ્યા સૂવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના ૨૦૨૨ના હંગર રિપોર્ટ મુજબ દુનિયાના ૧૨૧ દેશોમાં ભારતનો ક્રમ ૧૦૭મો છે. પાકિસ્તાન (૯૯), બાંગ્લાદેશ (૮૪) નેપાળ (૮૧) મ્યાનમાર (૭૧) શ્રીલંકા (૬૪), આપણાથી આગળ છે. જ્યારે ભારતનો હંગર ઈન્ડેક્ષ અત્યારે ૨૯.૧ છે. યુનોએ જે વર્ગીકરણ કર્યું છે. તેમાં ભારત ગંભીર સમસ્યા ધરાવનારા દેશોમાં સ્થાન પામે છે. ભૂખ અને ગરીબી વિશે અહેવાલો આવ્યા છે તેની સત્તાધારી પક્ષ ચર્ચા જ કરતો નથી.

ભારત હવે યુકેને પછાડીને દુનિયાનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. મોદીના કહેવા પ્રમાણે ૨૦૨૪-૨૯ સુધી ભારત ગ્લોબલ ઈકોનોમિક રેન્ડિંગમાં રોપ ત્રણ ઉપર પહોંચી જશે, ૨૦૨૨માં પાંચ ટ્રીલીયન ડૉલરના સપનાં દેખાડનાર હવે ત્રીજા સ્થાનની વાત કરે છે. ભારતને આર્થિક મહાસત્તા માટે ગરીબીરેખા હેઠળ ગુજરાત ચલાવતા લોકોની સંખ્યામાં ક્રમિક ઘટાડો, રોજગારીના નિયમિત અવસર, શ્રેષ્ઠ શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સતત રોકાણ, ટૅક્નિકલ પદ્ધતિ બંને વિભિન્ન ક્ષેત્રોમાં રિસર્ચને પ્રોત્સાહન જરૂરી છે. આપણી સામે ૧૨ વર્ષ ૧ કરોડ નોકરીમાં સર્જનનો પડકાર છે. જે રીતે છૈં અનેક માળખાકીય સ્તરે નોકરીઓ છીનવી રહ્યું છે. તેને ધ્યાનમાં રાખતા આપણે યુવાનો માટે વિભિન્ન પ્રકારના રોજગાર તાલીમ પ્લૅટફૉર્મનું નિર્માણ કરીને તેઓનું રિસ્કિલિંગ કરવું પડશે. પરંતુ તેને માટે આપણે આપણા યુવાનોને આજના તેજીથી બદલાતા ડિજિટલ દોરને અનુરૂપ ઘડવા પડશે. આપણે તેમની માંગ અનુસાર રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવી પડશે, તેમજ જરૂરી સંસાધનો પ્રદાન કરવા પડશે જેની સૂઝ સત્તાધારી પક્ષ પાસે નથી.

ભાજપ જે રીતે અનૈતિક રીતભાતનો પરિચય આપીને પક્ષપલટો કે ખરીદીની મદદથી વિરોધ પક્ષોની સરકારને અસ્થિર કરે છે તે દર્શાવે છે કે રાજકીય વર્ચસ્વ પ્રાપ્ત કરવા માટે ભાજપ કોઈપણ હદ સુધી જઈ શકે છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરીને જે રીતે વિપક્ષી નેતાઓને વારંવાર નિશાન બનાવાય છે તે જગજાહેર છે. સત્તાધારી પક્ષે ચૂંટણીલક્ષી ફાયદા માટે જે રીતે સાંપ્રાદાયિક ધ્રુવીકરણને પ્રોત્સાહન આવ્યું છે. તે ફક્ત સત્તા પ્રાપ્ત કરવા માટે હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સળંગ બે વાર પૂર્ણ બહુમત પ્રાપ્ત કરવા છતાં ભાજપને ૨૦૧૪ અને ૨૦૧૯માં ક્રમશઃ ૩૧ ટકા અને ૩૩ ટકા જ મન મળ્યા છે. આ પૂર્ણ બહુમત પ્રાપ્ત કરનારા કોઈપણ પક્ષ માટે સૌથી ઓછો વોટશેર હતો. ભાજપનો જનાધાર ખૂબ જ સંકુચિત છે. મુખ્યત્વે પ્રશ્ચિમોત્તર ભારત અને હિંદી બેલ્ટમાં જ મર્યાદિત છે.

દેશમાં વધતી વિષમતા, મોંઘવારી, બેરોજગારી, ઘટતા સામાજિક સૌહાર્દ અને શાસનની બિનલોકશાહી પદ્ધતિ પર ધ્યાન દેવાના બદલે ભાજપ મતદારોને પોતાના તરફ ખેંચવા આર્થિક ગુલાબી ચિત્ર બતાવી, બણગાં ફૂંકી લોકોને મૂરખ બનાવવા કોશિશ કરી રહ્યું છે. દેશમાં સંખ્યાબંધ પાયાના પ્રશ્નો બહુ સાચવી સંભાળીને અભરાઈ ઉપર મૂકી દેવાયા છે, જેનું મહામથન કર્યા પછી પણ કંઈ હાથ લાગવાનું નથી, એવા વિષયોને બજારમાં છુટ્ટા મૂકીને સરકાર ખેલ જોઈ રહી છે કે દેશવાસીઓ માટે વિષયાંતરની કેવી અજાયબ કળા તેઓ અજમાવી રહ્યા છે.

અને છેલ્લેઃ દરેક જાદુગરને ખબર હોય છે કે ઓડિયન્સનું અજ્ઞાન ચાલે ત્યાં સુધી જાદુગરનો ખેલ ચાલે---શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં ભારત વિશ્વ બીજી ક્રમે છે. ૨૦૨૨-૨૩માં દેશમાં કુલ ૨૫ કરોડ ટન ફળો અને શાકભાજીનું ઉત્પાદન થયું છે તો પછી શાકભાજીની માંગ અને પૂરવઠા વચ્ચેનું અંતર કેમ વધે છે?

જુલાઈ તથા ઑગસ્ટમાં ફુગાવો ૬ ટકાથી પણ ઉપર જોવા મળશે. નોમુરા દેશમાં અત્યારે ૬ રાષ્ટ્રીય પક્ષ અને ૫૪ રાજ્ય સ્તરના પક્ષ થઈ કુલ ૬૦ રાજકીય પક્ષો છે. આ ઉપરાંત ૨૫૯૭ અસંગઠીત પક્ષો છે. ■

# “હમ અદાની કે હૈં કૌન ?”

# નિયમનકર્તાઓ અને એજન્સીઓને મોદી સરકાર દ્વારા ચૂપ કરી દેવાની પ્રવૃત્તિ

**ભૂતકાળમાં શેરબજારનાં મોટાપાયે થયેલા કૌભાંડોમાં તપાસ કરવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને ભાજપ બંને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) રચવા સંમત થયા હતા, ૧૯૯૨માં હર્ષદ મહેતા કૌભાંડમાં તપાસ કરવા માટે જેપીસીની રચના થઈ હતી**

**(પ્રકરણ-૭)**

પ્ર.૬૩ : ૨૯, ઓક્ટોબર-૨૦૨૧ના રોજ તમે ઇટલીના વડા પ્રધાન મારિયો ડ્રેગિને મળ્યા હતા. આ બેઠક સફળ થાય એટલા માટે તમે ઓગસ્ટા વેસ્ટલેન્ડની મૂળ કંપની લિયોનાર્ડો પરથી પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને ૨૦૨૧માં ભારતીય માછીમારોની હત્યા કરવાના આરોપી એવા બે ઇટલીના નૌકા સૈનિકો પરના આરોપો પણ પાછા ખેંચી લીધા હતા. વિદેશી નેતાઓ પાસેથી વાહ વાહી લૂંટવાની તમારી લાલસા શું ભારતીય સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચારની તપાસ અને ભારતીય નાગરિકોને ન્યાય અપાવવાની ઇચ્છાથી પણ વધુ ઉગ્ર છે ? શું હવે તમે અદાણી ગ્રૂપ ઇટલીની સંરક્ષણ કંપનીઓ સાથે સોદા કરે એવું તમે જોવા માગો છો ?




પ્ર.૬૪ : ભારત, જાપાન અને તત્કાલીન વડા પ્રધાન રાનીલ વિક્રમસિંઘેના વડપણ હેઠળ શ્રીલંકાની સરકારોએ કોલંબોના દક્ષિણ બંદરમાં ઇસ્ટ કન્ટેનર ટર્મિનલ વિકસાવવા માટે ૨૮, મે-૨૦૧૯ના રોજ એક એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતાં ત્યાર બાદ એક વર્ષ પછી ૯, જુન-૨૦૨૦ના રોજ વડા પ્રધાન મહિન્દા રાજપક્ષેની શ્રીલંકન સરકારે એવું જાહેર કર્યું હતું કે ભારતે તેના વિદેશી ટર્મિનલ ઓપરેટર તરીકે અદાણી પોર્ટસની પસંદગી કરી છે. ત્યાર બાદ એકાએક સોદો રદ થવાના પગલે રાજપક્ષે સરકારે તેને બદલે ભારત અને જાપાનને કોલંબોના વેસ્ટ કન્ટેનર ટર્મિનલ ૩૫ વર્ષના સમયગાળા માટે ઉત્પાદન સંચાલન અને હસ્તાંતરણના ભાડાપટ્ટે આપવાનો પ્રસ્તાવ રજૂ

કર્યો હતો જેને ૩૦, સપ્ટે.-૨૦૨૧ના રોજ આખરી ઓપ આપવામાં આવ્યો હતો. શ્રીલંકાની કેબિનેટના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતે અદાણી પોર્ટસને પોતાના ભાગીદાર તરીકે નિયુક્ત કર્યાં હતાં. શ્રીલંકાના વિદેશ પ્રધાન અલી સાબરીએ ૫, માર્ચ-૨૦૨૩ના રોજ પોતાના એક ઈન્ટરવ્યૂમાં આ સોદાને સરકારથી સરકાર બંદર પ્રોજેક્ટ તરીકે ગણાવ્યો હતો. આ સરકારથી સરકાર સોદા માટે તમે ક્યા આધારે અદાણી પોર્ટસની પસંદગી અને નિયુક્તિ કરી હતી ? શું કોઈ અન્ય ભારતીય કંપની પાસે આ સોદામાં રોકાણ કરવા માટે તક હતી કે પછી તમે આ સોદાને માત્ર ને માત્ર પોતાના નિકટના મિત્રો માટે અનામત રાખ્યો હતો ?

પ્ર.૬૫ : વ્યૂહાત્મક હંબનટોટા પોર્ટમાં રોકાણ નહીં કરવાના વાજપેયી સરકારનાં વર્ષ ૨૦૦૨ના નિર્ણયે ચીની કંપનીઓ માટે શ્રીલંકાના બંદર ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે માર્ગ મોકળો કર્યો હતો. કોલંબોમાં ભારતનું રોકાણ આંશિક રીતે આપણાં નિકટના પડોશમાં ચીનનાં વિસ્તારને રોકવાને ધ્યાનમાં રાખીને જરૂરી હતું. જોકે અદાણી ગ્રૂપને વિશ્વાસપાત્ર ચાંગ ચુંગ-લિંગ (ઉર્ફે લિંગો-ચાંગ)ની સાથે શંકાસ્પદ સંબંધો છે જે અન્ય પ્રવૃત્તિઓ ઉપરાંત ચીન અને પાકિસ્તાનનાં સહયોગી ઉત્તર કોરિયા વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવામાં સંડોવાયેલ છે. ચીન સાથે શંકાસ્પદ વ્યાપારી સંબંધો રાખવાવાળા મિત્રોને વ્યૂહાત્મક રીતે મહત્ત્વનાં એવાં કોન્ટ્રેક્ટ અપાવવાનું માર્ગ મોકળો કરવો એ કેટલા અંશે રાષ્ટ્રીય હિતમાં વાજબી ગણી શકાય ? શું આ સંબંધો તમારી સામાન્ય રીતે અતિ સક્રિય એવી તપાસ એજન્સીઓ દ્વારા તપાસને પાત્ર નથી. ?

પ્ર.૬૬ : તમારા મિત્રો માટે તમારા જોરદાર લોબિંગને કારણે શ્રીલંકાના મન્નાર જિલ્લામાં તેને ૫૦૦ મેગાવોટનો પવનચક્કી ઊર્જા પ્રોજેક્ટ અપાવવામાં મદદરૂપ થયેલ છે. સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડના પૂર્વ વડા એમ.એમ.સી. ફર્ડિનેન્ડોએ ૧૦, જુન-૨૦૨૨ના રોજ શ્રીલંકાની સંસદ સમક્ષ જુબાની આપતાં જણાવ્યું હતું કે ૨૪, ઓકટોબર-૨૦૨૧ના રોજ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ એક બેઠક બાદ મને બોલાવ્યો હતો અને જણાવ્યું હતું કે, ભારતના વડા પ્રધાન મોદીનું તેમના પર અદાણી ગ્રૂપને આ પ્રોજેક્ટ આપવા માટે દબાણ છે. જોકે તેમણે પાછળથી દબાણને કારણે આ ટિપ્પણીઓ પાછી ખેંચી હતી, પરંતુ ફર્ડિનેન્ડોના આ ખુલાસાએ સંપૂર્ણપણે ક્રોની કેપિટલિઝમની સાંઠગાંઠનો પર્દાફાશ કરી દીધો હતો, જેમાં તમે પણ સામેલ હતા. શું તમે એવું માનીને ચાલી રહ્યાં છો કે તમારી મુખ્ય જવાબદારી ભારતના લોકો માટે કામ કરવાના બદલે તમારા મિત્ર ગૌતમ અદાણી માટે ભારત અને અન્ય દેશોમાં કોન્ટ્રેક્ટ હાંસલ કરવાની છે ?

**નિયમનકર્તાઓ અને એજન્સીઓને મોદી સરકાર દ્વારા ચૂપ કરી દેવાની પ્રવૃત્તિ :**

પ્ર.૬૭ : છેલ્લાં કેટલાંક વર્ષોથી તમોએ તમારા રાજકીય હરીફોને ધમકાવવા અને તમારા સાથીઓનાં નાણાકીય હિતો સાથે નહીં ચાલનારા ઔદ્યોગિક ગૃહોને શિક્ષા કરવા માટે ઈડી અને સી.બી. આઈ. જેવી સંસ્થાઓનો દુરુપયોગ કર્યો છે. અદાણી ગ્રૂપ વિરુદ્ધ વર્ષોથી લગાવવામાં આવી રહેલા ગંભીર આરોપોની તપાસ માટે તમારા દ્વારા શું કોઈ કાર્યવાહી કરવામાં આવી છે ? શું આપની દેખરેખ હેઠળ કોઈ નિષ્પક્ષ અને ન્યાયીક તપાસની અપેક્ષા રાખી શકાય ખરી ?

પ્ર.૬૮ : એવું કઈ રીતે શક્ય બને કે સતત આક્ષેપો થઈ રહ્યાં હોવા છતાં ભારતનું એક સૌથી મોટું ઔદ્યોગિક જૂથ અત્યાર સુધી કોઈ ગંભીર તપાસથી બચી

**(અનુસંધાન પાન ૧૨ પર)**









અમદાવાદ ખાતે સુરેન્દ્રનગર જિલ્લામાં સામઢીયાળી ગામે બનેલ ઘટનામાં દલિત સમાજના ૨ યુવાનોની હત્યાના બનાવમાં મૃતકોની પ્રાર્થના સભામાં ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શ્રી શક્તિસિંહજી ગોહિલ અને વિધાનસભા પક્ષ ના ઉપનેતા શ્રી શૈલેષ પરમારે દલિત પરિવારની મુલાકાત લઈને સાંત્વના આપી હતી














મણિપુરમાં મહિલાઓ સાથે થયેલ અમાનવીય કૃત્યનો વિરોધમાં તથા મહિલાઓના સન્માન માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન

**(હમ અદાની કે હૈં કૌન પાન ૯થી ચાલુ)**

શકે ? અન્ય ઔદ્યોગિક ગૃહોની અવારનવાર કનડગત કરવામાં આવે છે અને તેમને ત્યાં દરોડા પાડવામાં આવે છે. શું અદાણી ગ્રૂપ એ વ્યવસ્થાની જરૂરત સમાન હતું કે જેણે આટલાં વર્ષો દરમિયાન ભ્રષ્ટાચાર વિરોધી નિવેદનબાજીનો ભરપૂર લાભ ઉઠાવ્યો છે ?

પ્ર.૬૯ : અદાણી ગ્રૂપ વિરુદ્ધ છેતરપિંડી અને મની લોન્ડરિંગના આક્ષેપો છેલ્લાં કેટલાંક સમયથી જાહેરમાં થઈ રહ્યાં છે. અદાણી ગ્રૂપમાં મુખ્ય ફંડોના રોકાણના વાસ્તવિક લાભાર્થી કોણ છે એ બાબતે અનેક સવાલો ઊભા થયા છે. વિદેશી રોકાણકારોની વાસ્તવિક માલિકી સંબંધિત છેતરપિંડીના મામલામાં સેબી દ્વારા એક મામલાની તપાસ સહિત કુલ ચાર મામલામાં તપાસ કરવામાં આવી છે. આ જાણકારીને ધ્યાનમાં રાખીને વડા પ્રધાનનું કાર્યાલય, નાણાં મંત્રાલય કે એલ.આઈ.સી.માં શું કોઇએ આ શકમંદ રોકાણો અંગે ક્યારેય કોઈ ચિંતા વ્યક્ત કરી હતી ? શું આવી ચિંતાઓને ફગાવી દેવામાં આવી હતી અને જો એવું થયું હોય તો કોણે આ પ્રકારની ચિંતાને નકારી કાઢી હતી ?

પ્ર.૭૦ : ભૂતકાળમાં શેરબજારનાં મોટાપાયે થયેલા કૌભાંડોમાં તપાસ કરવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને ભાજપ બંને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) રચવા સંમત થયા હતા. ૧૯૯૨માં હર્ષદ મહેતા કૌભાંડમાં તપાસ કરવા માટે જેપીસીની રચના થઈ હતી. એ જ રીતે ૨૦૦૧માં જેપીસીએ કેતન પારેખ કૌભાંડમાં પણ તપાસ કરી હતી. કરોડો ભારતીય રોકાણકારોને અસરકર્તા એવા કૌભાંડોમાં તપાસ કરવા માટે તત્કાલીન બંને વડા પ્રધાન નરસિંમ્હારાવ અને અટલ બિહારી વાજપેયી સંમત થયા હતા તો પછી તમે કેમ ડરો છો ? શું તમને એવો ડર છે કે, જો ખરેખર સ્વતંત્ર વાસ્તવિક તપાસ થશે તો અદાણી ગ્રૂપનાં ખોટાં કાર્યોમાં વ્યક્તિગત સંડોવણી બદલ તમે પણ ફસાશો ?

પ્ર.૭૧ : હિંડનબર્ગ રિપોર્ટના પગલે વિશ્વના સૌથી મોટા સ્ટોક ઈન્ડેક્સ પ્રોવાઈડર એમ.એસ.સી.આઈ. એ એવું જાહેર કર્યું હતું કે, તે આગામી મહિનામાં અદાણી ગ્રૂપનાં શેરોનું વેઈટેજ તેના ઈન્ડેક્સ પર ઘટાડશે. બીજા સૌથી મોટાં પ્રોવાઇડર એસ. એન્ડ પી. ડાઉજોન્સે જણાવ્યું હતું કે, તે પોતાના ઈન્ડેક્સ પરથી અદાણી એન્ટરપ્રાઈઝિસને હટાવશે. ત્રીજા સૌથી મોટા પ્રોવાઇડર એફ. ટી.એસ.ઇ. રસેલે એવું જાહેર કર્યું હતું કે તે પોતાના ઈન્ડેક્સમાં ૨૦, માર્ચ-૨૦૨૩થી અદાણી ગ્રૂપની કંપનીઓના વેઈટેજમાં ફેરફાર કરશે. દરમિયાન એન.એસ.ઈ. દ્વારા અદાણી એન્ટરપ્રાઈઝિસની સ્થિતિ અંગે સમીક્ષા કરવા કોઈ જાહેરાત કરવામાં આવી નથી. શું સેબીએ શકમંદ કંપનીઓની મુખ્ય ઈન્ડેક્સમાં સમીક્ષા કરીને છુટક રોકાણકારોનાં હિતોનું રક્ષણ કરવું જોઇએ નહીં ?

પ્ર.૭૨ : નિફ્ટી-૫૦માં અદાણી એન્ટરપ્રાઈઝિસને સામેલ કરવાની સમીક્ષા કરવાની વાત તો દૂર રહી ઊલટાનું એન.એસ.ઇ.એ ૧૭, ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ એવી જાહેરાત કરી હતી કે એન. એસ.ઇ. ઈન્ડેક્સમાં અદાણી ગ્રૂપની વધુ ચાર કંપનીઓને સામેલ કરવામાં આવશે. એન. એસ.ઇ. અદાણી ગ્રૂપની કંપનીઓમાં પૈસા ગુમાવનારા લાખો રોકાણકારોના ઘા પર કેમ મીઠું ભભરાવી રહી છે ? એન.એસ.ઇ.ને જોખમ ભરેલા અદાણીના શેરોમાં વધુ રોકાણકારોને ખેંચવાની મંજૂરી કેમ આપવામાં આવી રહી છે ? શું તમે તમારા મિત્રોની મદદ માટે એન.એસ.ઇ. ઈન્ડેક્સ એડવાઇઝરી કમિટીનાં સભ્ય જે તમારી આર્થિક સલાહકાર

કાઉન્સિલમાં પણ છે તેના માધ્યમ દ્વારા એન.એસ.ઇ. પર દબાણ લાવી રહ્યાં છો ?

પ્ર.૭૩ : અદાણી ગ્રૂપનાં કારનામાં ભારતીય કંપનીઓના પર્યાવરણ સંબંધિત સામાજિક અને સંચાલન (ઇ.એસ.જી.) માપદંડોને લઈને વૈશ્વિક શંકાને ઉત્તેજન આપી રહ્યાં છે. અદાણી ગ્રીન એનર્જી દ્વારા અદાણીની ઓસ્ટ્રેલિયાના કોલસા પ્રોજેક્ટની લોન માટે ગેરંટી આપવાના સમાચારે નોર્વેનાં સૌથી મોટા પેન્શન ફંડને કંપનીમાંથી પોતાની ભાગીદારી છોડવા માટે ઉશ્કેર્યા છે કારણ કે હવે પર્યાવરણને લઈને એની શાખ પર ગંભીર સવાલો ઊભા થયા છે. ઇ.એસ.જી. વૈશ્વિક રોકાણનો એક મોટો થીમ છે અને ઈલેક્ટ્રિક વાહન, બેટરીઓ અને ગ્રીન ફ્યુઅલ જેવા તમામ સેક્ટર ઇ.એસ.જી. ફંડ ફ્લો પર આધારિત છે. અદાણીના કારનામા ભારતમાં સંપૂર્ણ ઇ.એસ.જી. રોકાણના થીમને કઈ રીતે બરબાદ કરી શકે છે અને તેની તપાસ માટે સેબીને કોણ રોકી રહ્યું છે ?

પ્ર.૭૪ : અગાઉ અમે જણાવ્યું તેમ ચીની નાગરિક ચાંગ ચુંગ-લિંગ પર સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રતિબંધોનો ભંગ કરીને ઉત્તર કોરિયાને પેટ્રોલિયમ પેદાશોની દાણચોરી કરવા જેવી પ્રવૃત્તિમાં સંડોવણી બદલ આક્ષેપો થયા છે. તેમની સિંગાપોર સ્થિત કંપની ગુડામી ઈન્ટરનેશનલનું નામ પણ ૨૦૧૪માં ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડની પ્રથમ ચાર્જશીટમાં ઈડી દ્વારા ઉલ્લેખ કરાયો હતો. ત્યારબાદ ૨૦૧૭ની પૂરક ચાર્જશીટમાં પણ તેનું નામ ચમક્યું હતું, પરંતુ તેમ છતાં ૨૦૧૮માં ઈડીની ત્રીજી ચાર્જશીટમાંથી આ કંપનીનું નામ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું હતું. શું તમે અદાણીના સાથીને ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં લીલીઝંડી મળે તેવું ગોઠવ્યું હતું ? શું આટલા માટે તેની તપાસ આટલા બધાં વર્ષો સુધી લંબાઈ હતી ? શું તમને એ વાતની ચિંતા નથી કે અદાણી આ ચીની નાગરિકને સંરક્ષણ કોન્ટ્રેક્ટમાં પણ સામેલ કરશે ?


પ્ર.૭૫ : ભ્રષ્ટાચારના આરોપો સામે આવ્યા બાદ તુરંત યુ.પી.એ. સરકારે ઓગસ્ટા વેસ્ટલેન્ડની મૂળ કંપની ફિનમેકેનીકા (પાછળથી લિયોનાર્ડો)ની વિરુદ્ધ સક્રિય કાર્યવાહી શરૂ કરી હતી. ૧૨, ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સી.બી.આઈ. દ્વારા તપાસ શરૂ કરાવી હતી. ૧, જાન્યુઆરી-૨૦૧૪ના રોજ હેલિકોપ્ટર ખરીદી કોન્ટ્રેક્ટ રદ કરી દેવાયો હતો અને ૧૫, જાન્યુઆરી-૨૦૧૪ના રોજ ભારતમાં અને ૨૩, મે-૨૦૧૪ના રોજ ઈટાલીમાં તેની બેંક ગેરંટી વટાવવામાં આવી હતી. ૨૯, ઓગસ્ટ-૨૦૧૪ના રોજ લિયોનાર્ડો કંપનીને ભવિષ્યમાં ભારતીય સૈન્યનાં ટેન્ડરોમાં ભાગ લેવા પર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. આ મામલો પડતર હોવા છતાં તમે લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચારની આ આરોપી કંપની પરથી એકાએક પ્રતિબંધ કેમ હટાવી લીધો ? શું આપ ફરી એકવાર સરકારી એજન્સીનો દુરુપયોગ કરીને અદાણી ગ્રૂપની સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવૃત્તિઓને વધુ સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છો ? ■ **(ક્રમશઃ)**



# કટોકટીની એ નિર્ણાયક પળ...

**તમારા જીવનમાં કોઈ પણ નિર્ણાયક પળ આવે, તમારો અંતરાત્મા કહે તે માર્ગ પકડી લેજો, સલાહ કોઈની પણ લેજો પણ ધાર્યું તો મનનું જ કરજો, તમારો માર્ગ કલ્યાણકારી બની રહેશે...**

**માણસ** ગમે તેવો મોટો ધનપતિ હોય કે સત્તાધીશ, ક્યારેક ને ક્યારેક એના જીવનમાં એવી ઘડી પણ આવે છે જ્યારે એણે કાં તો આ પાર અથવા પેલે પારનું અંતિમવાદી વલણ અપનાવી નિર્ણય લેવો પડે છે. શક્યતા એ પણ હોઈ શકે કે આ નિર્ણય ખોટો પડે અને પરિણામે એ હીરોમાંથી ઝીરો થઈ જાય અથવા માથું વઢાઈ જાય. કોઈ પણ બળવો અથવા ક્રાંતિનો જુવાળ ઊભો થાય ત્યારે એના નેતા માટે



બે જ શક્યતાઓ ઊભી થાય છે. પહેલી, એ જીતે અને વિજયશ્રી એને વરમાળા પહેરાવે. બીજી, એ હારે અને માથું વઢાઈ જાય અથવા ફેંકાઈ જાય. પણ હારે તેવા કિસ્સાઓમાં પણ પોરસ હોય કે પૃથ્વીરાજ ચૌહાણ, એમનું નામ અમર થઈ જાય છે. મહારાણા પ્રતાપ અથવા 'મેરી ઝાંસી નહીં દુંગી'ની ગર્જના પોકારનારા મહારાણી લક્ષ્મીબાઈ કે પછી દેશ બહાર રહીને વતનને કાજે ફના થઈ જનારા સરદારસિંહ રાણા, શ્યામજી કૃષ્ણવર્મા, સુભાષચંદ્ર બોઝ એવા કેટલાંય નામ છે જેમણે એક ચોક્કસ હેતુ સિદ્ધ કરવા માટે જંગ છેડ્યો હોય પણ એને અંતિમ સફળતા સુધી ન લઈ જઈ શક્યા હોય. આવાં વ્યક્તિત્વો હારીને પણ જીતી જાય છે.

ત્યારે આ તરફ કે પેલી તરફ જવું જ પડે છે. પથ્થરમારો થતો હોય ત્યારે રસ્તાની બરાબર વચ્ચે ચાલનારને બંને બાજુથી પથ્થર વાગે છે. આવો આ તરફ કે તે તરફ નિર્ણય લેવો હોય ત્યારે કઈ સાઈડે ચાલવું એ નક્કી નહીં કરી શકવાના કારણે જેમ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણ જેવા સમર્થ માર્ગદર્શક મળ્યા હતા તેવું સદ્ભાગ્ય બધાને નથી મળતું. પોતાના અંતરાત્માના અવાજને આધારે કે કોઈ ચોક્કસ તર્કના આધારે નિર્ણય લેવો પડે છે.

આ પ્રકારની નિર્ણયની પ્રક્રિયા માટે તમે જે માર્ગ પસંદ કરો તે સિવાયના બધા જ વિકલ્પોનું ભાંગીને ભટુરિયું કરી દેવું પડે છે. અંગ્રેજીમાં આને ''ભિહિહક્ષ ઙ્ઘ્ઘ્ઙ ંરી ઌ્ઙ્કિક્ષીજ'' એટલે કે બધા જ વિકલ્પોનો છેદ ઉડાડી દેવાની પ્રક્રિયા કહે છે.

એક યુદ્ધમાં સૈન્ય એક ગઢને ઘેરી ઘાલીને પડ્યું હતું. ગઢ ખાસ્સો મજબૂત હતો, એના દરવાજા પણ ખૂબ મજબૂત અને તોતિંગ હતા. છેલ્લા વિકલ્પ તરીકે ગઢના બુરજ પર દોરડું ફસાવી એ દોરડાના આધારે સૈનિકો એક

## અતિતમાં ડોકિયું...

પછી એક ગઢની દિવાલ પર ચડ્યા. જેવી આ વાત સામા પક્ષના ખ્યાલમાં આવી કે ધમાસાણ યુદ્ધ જામ્યું. શત્રુ પણ કાંઈ ગાંજ્યો જાય તેવો નહોતો. આક્રમણ કરનાર સૈનિકોમાંથી ઘણા બધા ઘવાયા કે મોતને ભેટવા લાગ્યા. ત્યારે કેટલાક સૈનિકોના મનમાં વિચાર આવ્યો કે જીવતા હોઈશું તો ફરી વધુ જોરદાર હુમલો કરાશે, અત્યારે તો ભાગી છૂટીએ. જે દોરડેથી તેઓ ચડ્યા હતા તે દોરડાને શોધવા એકાદ-બેએ નજર દોડાવી.

અનેક યુદ્ધોમાં કસાયેલા વિચક્ષણ સેનાપતિને પરિસ્થિતિ સમજતા વાર ન લાગી. એણે બધા સાંભળે તેમ, પણ પેલા બેને ઉદ્દેશીને મોટા અવાજે કહ્યું, ''જે રસ્સીથી તમે ઉપર આવ્યા હતા તે તો મેં ક્યારનીય કાપી નાખી છે.'' હવે કોઈ ઉપાય નહોતો, લડો અને શહીદ થાવ અથવા મરણિયા બનીને લડાઈ જીતો. આ મરણિયા થયેલા સૈનિકો લડાઈ જીત્યા અને ગઢ પર કબજો મેળવ્યો.

જીવનમાં આપણે અનેક લડાઈઓ લડીએ છીએ. એ જીતવી હોય તો જે કોઈ વિકલ્પ પસંદ કર્યો એ સિવાયનાં બધા જ દોરડાં કાપી નાખવાં પડે તમે લડાઈ જીતશો જ એવું જરૂરી નથી પણ હારશો તોય એ ગૌરવપૂર્ણ હશે.

કેદ પકડાયેલા પોરસને જ્યારે સિકંદરે પૂછ્યું કે તેની સાથે કેવો વ્યવહાર કરવો ? ત્યારે પોરસે એક ક્ષણના પણ વિલંબ વગર, માથું ટટ્ટાર રાખીને, સિકંદરની આંખમાં આંખ પરોવીને જવાબ આપ્યો, 'એક રાજા બીજા સાથે કરે તેવો.'

દોસ્તો, આ આત્મબળ છે. જીવનમાં ઘણી બધી લડાઈ બધા જ જીતતા નથી. ક્યારેક હાર પણ તમારે ભાગમાં આવે છે પણ હાર્યા એટલે તમે રાજા મટી નથી જતા. પોરસ, મહારાણા પ્રતાપ, સુભાષચંદ્ર બોઝ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ એવી અમરકથાનાં પાત્રો છે. જેમણે પોતાનો નિર્ણય હિંમતપૂર્વક લીધો, અંતરાત્માના અવાજ પ્રમાણે ચાલ્યાં. અમીચંદ કે જયચંદની માફક કે પછી રાજ માનસિંહે કે મીર જાફરની માફક સ્વત્વ ગુમાવવાનું, વેચાઈ જવાનું પસંદ ન કર્યું.

તમારા જીવનમાં કોઈ પણ નિર્ણાયક પળ આવે, તમારો અંતરાત્મા કહે તે માર્ગ પકડી લેજો. સલાહ કોઈની પણ લેજો પણ ધાર્યું તો મનનું જ કરજો. તમારો માર્ગ કલ્યાણકારી બની રહો. ■

**શિવાસ્તુ તે પંથાનઃ**






# રાફેલ કૌભાંડની તપાસમાં ફ્રાંસના મેજિસ્ટ્રેટે ભારતની મદદ માગી

**રાફેલનું ભૂત હજુ ધુણે છે : રાફેલ વિવાદ હજુ શમ્યો નથી, ફ્રાંસમાં નવા ખુલાસા થયા છે અને સઘન તપાસ ચાલી રહી છે : ફ્રાંસની વેબસાઇટ 'મીડિયા પાર્ટ'નો ચોંકાવનારો ઘટસ્ફોટ અનિલ અંબાણીએ ૧૫૧ મિલિયન યુરોનાં ટેક્સ બિલને ઘટાડવા માગણી કરી હતી**

**તાજેતરમાં** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફ્રાંસની મુલાકાત પૂર્વે ફ્રાંસની ઈન્વેસ્ટિગેટિવ વેબસાઈટ અને ન્યૂઝ પોર્ટલ 'મીડિયા પાર્ટ' એ એવો ઘટસ્ફોટ કર્યો હતો કે પેરિસના મેજિસ્ટ્રેટે ભારત સરકારને એક સત્તાવાર વિનંતી મોકલી છે, જેમાં દસૉલ્ટ એવિએશન દ્વારા ભારતમાં ૫૬ રાફેલ ફાઈટર જેટ્સ વિમાનોના વેચાણ માટે ૨૦૧૫-૧૬માં થયેલા ડીલના ભાગરૂપે ભારત દ્વારા દસૉલ્ટ એવિએશનને કરવામાં આવેલ પેમેન્ટમાં ચાલી રહેલી તપાસમાં ભારત સરકાર સહકાર અને સહયોગ આપે.

મેજિસ્ટ્રેટ ખાસ કરીને બે ભારતીય તપાસની કેસ ફાઈલોનો અભ્યાસ કરવામાં રસ ધરાવે છે, જેમાં 'મીડિયા પાર્ટ'એ અગાઉ એવા વિસ્તૃત પુરાવા જાહેર કર્યાં હતા કે દસૉલ્ટે ૨૦૧૬માં આ ડીલ પર હસ્તાક્ષર સુનિશ્ચિત કરવાના પોતાના પ્રયાસોના ભાગરૂપે ભારત સ્થિત બિઝનેસ વચેટિયા એવા સુશેન ગુપ્તાને લાખો યુરો ચુકવ્યાં હતાં.

આ અંગે ભારતની શી પ્રતિક્રિયા હશે તે તત્કાળ જાણવાં મળ્યું નથી. આ પ્રકારની વિનંતી વિદેશ મંત્રાલય દ્વારા મોકલવામાં આવે છે અને ભારતમાં સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે - આ મામલામાં પર્સોનલ એન્ડ ટ્રેનિંગ વિભાગ (ડીઓપીટી) અને નાણા મંત્રાલય હોય છે જેઓ અનુક્રમે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) સંભાળે છે અને તેથી આ વિભાગો આ કેસ સંભાળશે.

આ બાબતમાં 'ધ વાયર' દ્વારા ફ્રાંસની આ વિનંતીની વર્તમાન સ્થિતિ અંગે માહિતી માગતો એક પત્ર પેરિસ સ્થિત ભારતીય દૂતાવાસને પણ લખવામાં આવ્યો છે, જેના જવાબની રાહ જોવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડમાં સુશેન ગુપ્તા ઈડી દ્વારા મનીલોન્ડરિંગ તપાસના દાયરામાં છે. ૨૦૨૧માં 'મીડિયા પાર્ટ' દ્વારા પ્રસિદ્ધ થયેલા અહેવાલોમાં દસૉલ્ટ અને થેસ સાથે ૧૫ વર્ષ કરતાં વધુ સમયગાળા માટે સુશેન ગુપ્તાના બિઝનેસ કનેક્શનનો પર્દાફાશ કરાયો હતો, જેમાં સોફ્ટવેર કન્સલ્ટિંગ માટે ઊંચા બિલોનો ઉપયોગ કરીને વિદેશી ખાતાઓ અને શૅલ (જાલી) કંપનીઓને લાખો યુરોની ગુપ્ત દલાલી ચૂકવવામાં સંડોવણી હોવાનું જણાવાયું હતું.




જ્યારે આ વખતે 'મીડિયા પાર્ટ'ના સ્ફોટક અહેવાલમાં રાફેલ કોયડાના એક બીજા પાસા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે- જેમાં ૨૦૧૫માં ફ્રાંસ તરફથી રિલાયન્સ ગ્રૂપના અબજોપતિ અનિલ અંબાણીને કરકપાતની જંગી રાહત મળી હતી.

'મીડિયા પાર્ટ'એ એવો ઘટસ્ફોટ કર્યો છે કે અંબાણીએ કેવી રીતે ફ્રાંસના આર્થિક પ્રધાન (અને હવે પ્રમુખ) ઈમેનુએલ મેક્રોં અને નાણા પ્રધાન મિશેલ સેપિનને પત્ર લખીને ૧૫૧ મિલિયન યુરોના ટેક્સ બિલને ઘટાડવા માટે તેમને વ્યક્તિગત

દરમિયાનગીરી કરવા અનુરોધ કર્યો હતો. રિપોર્ટમાં એવું જણાવાયું હતું કે અનિલ અંબાણીને આશરે બહુ ઓછી રકમ ૬.૬ મિલિયન યુરોનું પેમેન્ટ કરવા જણાવાયું હતું અને આ રકમ એટલી જ રકમ હતી જેની દરખાસ્ત ભારતીય બિઝનેસમેને ટેક્સ અધિકારીઓ સમક્ષ પતાવટ તરીકે રજૂ કરી હતી.

૨૦૧૫માં જ્યારે વડા પ્રધાન મોદી ફ્રાંસની મુલાકાતે ગયા હતા ત્યારે અનિલ અંબાણી પણ તેમની સાથે જ ફ્રાંસ ગયા હતા અને આ મુલાકાત દરમિયાન વડા પ્રધાન મોદીએ હિંદુસ્તાન એરોનોટિક્સ લિ.ની સાથે ૧૨૬ રાફેલના સહ-ઉત્પાદન (કો-પ્રોડક્શન) માટે અગાઉ કરવામાં આવેલો સોદો રદ કરવાનો નિર્ણય કર્યો હતો અને ફ્રાંસના ઉત્પાદક દસૉલ્ટ પાસેથી એક સાથે ૩૬ રાફેલ વિમાનો ખરીદવાની 'ડીલ' કરી હતી. 'મીડિયા પાર્ટ'ને ફ્રાંસના ટેક્સ પ્રશાસન દ્વારા એકત્ર કરવામાં આવેલા ગોપનીય દસ્તાવેજોમાં અંબાણીના પત્રનો પુરાવો હાથ લાગ્યો હતો. આ સૂત્રોએ જણાવ્યું છે કે, આમાંથી કેટલાક દસ્તાવેજોને ૨૦૧૬માં ભારતને ૩૬ રાફેલ ફાઈટર જેટ્સના વેચાણને લઈને ભ્રષ્ટાચારના આક્ષેપોની ફ્રાંસની અદાલતી તપાસમાં એકત્ર કરવામાં આવેલા પુરાવા સાથે જોડવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ફ્રાંસના પૂર્વ પ્રમુખ ફ્રાસ્કોઈસ ઓલાંદેએ ૨૦૧૮માં એક મુલાકાતમાં એવો ખુલાસો કર્યો હતો કે મોદી સરકારે દબાણ કર્યા બાદ અંબાણીને રાફેલના ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. જો કે દસૉલ્ટ એવિએશન અને રિલાયન્સે આ વાતને રદિયો આપ્યો હતો અને ભારતીય સરકારે એ વખતે કહ્યું હતું કે, ''ફ્રાંસની કંપની દ્વારા લેવામાં આવેલ 'વાણિજ્ય નિર્ણય'માં તેની કોઈ ભૂમિકા નહોતી. ભારતીય સુપ્રીમ કોર્ટે આ બાબતમાં તપાસનો આદેશ કરવા ઈનકાર કર્યો હતો, પરંતુ આ સોદો હાલ ફ્રાંસમાં વર્તમાન ક્રિમિનલ તપાસનો એક વિષય છે.

તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાંસની પોતાની મુલાકાત દરમિયાન ફ્રાંસમાં આયોજિત 'બેસ્ટિલ ડે પરેડ'માં 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે હાજરી આપી હતી. જેમાં ભારતીય એરફોર્સના 'રાફેલ જેટ' સામેલ કરાયા હતા. આ પરેડમાં વડા પ્રધાન દ્વારા ભાગ લેવાના નિર્ણયની આલોચના થઈ હતી અને કોંગ્રેસના નેતા અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એવો કટાક્ષ કર્યો હતો કે, રાફેલ વિમાનોએ જે પી. એમ. મોદીને 'બેસ્ટિલ ડે પરેડ' માટે ટિકિટ અપાવી હતી.

**મેક્રોંની ભૂમિકા શંકાસ્પદ :**

ધ 'મીડિયા પાર્ટ'ના રિપોર્ટમાં જણાવાયું છે કે રાફેલ ડીલને કે જેમાં ભારતમાં સૌથી મુખ્ય લાભાર્થી રિલાયન્સ હશે તેને ૨૦૧૫ જ્યારે આખરી ઓપ અપાઈ રહ્યો હતો ત્યારે અનિલ અંબાણીની 'ફ્લેગ એટલાન્ટિક ફ્રાંસ'ને ૧૪૪ મિલિયન યુરોનો કર ઘટાડવાનો લાભ અપાયો હતો. તેમણે તત્કાલિન પ્રધાનો સેપિન અને મેક્રોંને લખ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

સેપિન નાણાં પ્રધાન હતા અને કર વિભાગ પર તેમનો સીધો અંકુશ હતો. આ રિપોર્ટમાં ખાસ કરીને એ વાત પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે કે, આ ડીલમાં મેક્રોંની સામેલગીરી કેટલાક પ્રશ્નો ઉઠાવે છે કારણ કે એ વખતે તેમની ફ્રાંસના પબ્લિક ફાઈનાન્સિયલ ડિરેક્ટોરેટ ડીજીએફઆઈપી પર કોઈ સત્તા નહોતી.

કર રાહત અંગે સૌ પ્રથમ અહેવાલ ફ્રાંસના દૈનિક 'લે મોન્ટે'એ પ્રસિદ્ધ કર્યો હતો. જેમાં રિલાયન્સના એક અનામી કર્મચારીને ટાંકીને એવું કહેતા જણાવાયા હતા કે તેઓ અનિલ અંબાણીને મેક્રોંના કાર્યાલય પર તેમને રૂબરૂ મળ્યા હતા અને કે જ્યાં તેમના પ્રશાસનને એક ફોન કોલ દ્વારા ટેક્સના આ મામલાનો નિવેડો લાવવામાં આવ્યો હતો.

મેક્રોં અને તેમના કાર્યાલયે આ મુદ્દે આ પ્રશ્નો પર સીધું ધ્યાન કેન્દ્રીત કર્યું નહોતું. આર્થિક મંત્રાલય ખાતે મેક્રોંના પૂર્વ સલાહકારોએ આ દૈનિકને જણાવ્યું હતું કે મેક્રોં અને અંબાણી વચ્ચે કોઈ બેઠક થઈ હોવાનું તેમને યાદ નથી.

સેપિને 'મીડિયા પાર્ટ'ને એવું પણ જણાવ્યું હતું કે, ''તેમને અંબાણીના પત્રની કાંઈ જાણ નથી.'' એક માત્ર શક્યતા એ છે કે, મારા કેબિનેટે આ વિનંતીને કદાચ અભ્યાસ માટે ડીજીએફઆઈપીને મોકલી આપી હશે'' એવું તેમણે 'મીડિયા પાર્ટ'ને જણાવ્યું હતું.

ફ્રાંસ અને અમેરિકાને જોડતા ક્રોસ-એટલાન્ટિક અંડર

વૉટર ટેલિકોમ્યુનિકેશન કેબલ'નું સંચાલન કરનાર રિલાયન્સ ફ્લેગ એટલાન્ટિક ફ્રાંસે પોતાનાં કહેવાતાં કરચોરી વ્યવહારો અંગે કઈ રીતે ફ્રાંસના ટેક્સ ઈન્સ્પેકશન ડિરેક્ટોરેટનું ધ્યાન દોર્યું હતું, તેવો ઘટસ્ફોટ કર્યો છે.

રિલાયન્સ કૃત્રિમ રીતે પોતાની ફ્રેંચ સબસિડિયરીમાંથી નફો તેની ટેલિકોમ્યુનિકેશન્સ પ્રવૃત્તિઓની મધર કંપની રિલાયન્સ ગ્લોબલકેમ લિ.ને ટ્રાન્સફર કર્યો હતો જે બર્મુડામાં નોંધાયેલી હતી. બર્મુડા બ્રિટિશ ઓવરસીઝ પ્રદેશ છે જે હમણાં સુધી અસહકારી ટેક્સ હેવન્સની યુરોપિયન યુનિયનના બ્લેકલિસ્ટ પર હતી.

**અનિલ અંબાણીનું હુકમનું પાનું :**

ફ્રેંચ ટેક્સ સત્તાવાળાઓના રિલાયન્સ ફ્લેગ એટલાન્ટિક ફ્રાંસ પાસેથી ૨૦૦૮-૨૦૧૨ના સમયગાળા દરમિયાન ટેક્સ અને પેનલ્ટી પેટે ૧૫૧ મિલિયન યુરો બાકી-લહેણાં નીકળે છે તે નિર્ધારીત કરવા માટે તેના દસ્તાવેજોનો ગહન અભ્યાસ કર્યો હતો, પરંતુ ૨૦૧૪ના અંત સુધીમાં રિલાયન્સે દસ્તાવેજો પૂરા પાડ્યા હતા અને ૨૦૧૫ના આરંભે તેણે ૬.૨ મિલિયન યુરોની ચુકવણી કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ફ્રેંચ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે આ ઘણી ઓછી રકમ હતી, પરંતુ રિપોર્ટમાં જણાવાયું હતું કે અંબાણીએ હુકમનું પાનું ખેલ્યું હતું. માર્ચ-૨૦૧૫માં રિલાયન્સ ખાનગી રાહે હજુ સુધી જેના પર હસ્તાક્ષર થયા નહોતા તે રાફેલ કરારમાં દસૉલ્ટના નવા મુખ્ય ભાગીદાર તરીકે સ્વયંને નિર્ધારિત કર્યા હતા અને આ રીતે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ.ની આ ભૂમિકાની નિમણૂક માટે ભારત સરકારે નિર્ણય કર્યો હતો તે નિરર્થક બની ગયો હતો.

એક મહિના બાદ એટલે કે એપ્રિલ-૨૦૧૫માં મોદીએ અનિલ અંબાણી સાથે ફ્રાંસની મુલાકાત લીધી હતી. આમ 'મીડિયા પાર્ટ'એ નોંધ્યું હતું કે 'સંભવતઃ' રાફેલ ડીલ પર હજુ હસ્તાક્ષર થયા નહોતા અને તેથી ફ્રાંસ સરકારે અંબાણીને ખલેલ નહીં પહોંચાડવા સતર્કતા દાખવી હતી કે કેમ જેમના ગ્રૂપની મોદી સરકાર દ્વારા દસૉલ્ટના નવા મુખ્ય ભાગીદાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ફ્રાંકોઈસ ઓલાંદેએ અગાઉ એક મુલાકાતમાં આ વાતને સમર્થન આપતા જણાવ્યું હતું કે ફ્રાંસને આ મામલામાં કોઈ વિકલ્પ જ ન હતો. ભારત સરકાર, રિલાયન્સ અને દસૉલ્ટેએ ફ્રાંસના પૂર્વ પ્રમુખના ઘટનાક્રમ અંગેના નિવેદનો નકાર્યા હતા.

જ્યારે ૧૪ એપ્રિલ-૨૦૧૫ના અનિલ અંબાણીના પત્રમાં પીએમ મોદીના નામનો ઉલ્લેખ થયેલો છે. પત્રમાં જણાવાયું હતું કે વડા પ્રધાન મોદીની ૧૦ અને ૧૧ એપ્રિલ-૨૦૧૫ની ફ્રાંસની મુલાકાત દરમિયાન ભારતના દષ્ટિવંત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફ્રાંસને ભારત સરકાર વચ્ચે દ્વિપક્ષિય આદાનપ્રદાનમાં જબરદસ્ત વેગ આવ્યો હતો. અનિલ અંબાણીએ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે ટેક્સની રકમને કારણે તેઓ ગેરવાજબી સ્થિતિમાં મૂકાઈ ગયા છે.

**એક જ સપ્તાહમાં 'ટેક્સ ડીલ' સંપન્ન :**

અનિલ અંબાણીના આ પત્રની તત્કાળ પ્રતિક્રિયા પ્રાપ્ત થઈ હતી. રિપોર્ટ અનુસાર ૨૦ એપ્રિલ-૨૦૧૫ના રોજ ટેક્સ ઈન્સ્પેકશન વિભાગના સેન્ટ્રલ ડિરેક્ટોરેટે પોતાની પ્રાદેશિક કચેરીને લખીને રિલાયન્સના ઈન્ડિયન સીઈઓએ પ્રધાનને લખેલા સીધા પત્રના પગલે રિલાયન્સ કેસની ફાઈલની એક નકલ મોકલવા જણાવ્યું. અહીં જે પ્રધાનનો ઉલ્લેખ થયો હતો તે સેપિન હતા અને એજ દિવસે દસ્તાવેજો મોકલી આપવામાં આવ્યા હતા.

બીજા દિવસે અંબાણીની અન્ય ફ્રેંચ સબસિડયરી 'રિલાયન્સ ફ્રાંસ'ના વડાએ મેક્રોં, અંબાણી અને ભારતના રાજદૂતની નકલો મોકલીને સેપિનને પત્ર લખ્યો હતો. આમ ઑક્ટોબર ૨૦૨૨ સુધીમાં રિલાયન્સની ટેક સેવા સાથેની વિધિવત ડીલ પર હસ્તાક્ષર સાથે આ મામલાનું નિરાકરણ આવી ગયું હતું. આર્થિક અને નાણા મંત્રાલય ખાતેના 'મીડિયા પાર્ટ'ના સૂત્રોએ એવું જણાવ્યું હતું કે અંબાણીના પત્રની 'આખરી પતાવટ' પર કોઈ અસર પડી નહોતી. જ્યારે 'મીડિયા પાર્ટ'ના પત્રકારે આ બાબતે નિષ્ણાતો સાથે સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, કરવેરામાં અંબાણી જે રાહત આપવામાં આવી તે કદાચ વાજબી હશે, પરંતુ દેવા પર કોઈ પેનલ્ટી લાદવામાં નહીં આવતા ૧૦ લાખ યુરોના ફાયદો થયો છે જે બતાવે છે અહીં પક્ષપાતી ટ્રીટમેન્ટ આપવામાં આવી છે. ■


સ્વાતંત્ર્ય દિવસની
શુભકામના
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ




R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.